શ્રીમદ્‌ભગવદ્‌ગીતા-ભક્તિયોગ

(બારમો અધ્યાય)

(શ્રીપુરુષોત્તમજીકૃત ‘અમૃતતરંગિણી’ તથા શ્રીવલ્લભજી કૃત ‘તત્ત્વદીપિકા’ના આધારે અન્વય તથા સરળ ગુજરાતીમાં ભાવાર્થ સહિત)

અન્વય - ભાવાર્થ :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

શ્રીમદ્ ભગવદ્ ગીતા-ભક્તિયોગ

(બારમો અધ્યાય)

અર્જુન ઉવાચ

એવં સતતયુક્તા યે ભક્તાસ્ત્વાં પર્યુપાસતે ।
યે ચાપ્યક્ષરમવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ ॥ ૧ ॥

શ્રીભગવાન ઉવાચ

મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ।
શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ॥ ૨ ॥

યે ત્વક્ષરમનિર્દેશ્યમવ્યક્તં પર્યુપાસતે ।
સર્વત્રગમચિન્ત્યં ચ કૂટસ્થમચલં ધ્રુવમ્ ॥ ૩ ॥

સન્નિયમ્યેન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ ।
તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ॥ ૪ ॥

ક્લેશોધિકતરસ્તેષામવ્યક્તાસક્તચેતસામ્ ।
અવ્યક્તા હિ ગર્તિદુઃખં દેહવદ્ભિરવાપ્યતે ॥ ૫ ॥

યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ ।
અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે ॥ ૬ ॥

તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।
ભવામિ નચિરાત્ પાર્થ મય્યાવેશિતચેતસામ્ ॥ ૭ ॥

મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।
નિવસિષ્યસિ મય્યેવ અત ઊદર્વ ન સંશયઃ ॥ ૮ ॥

અથ ચિત્તં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્ ।
અભ્યાસયોગેન તતો મામિચ્છાપ્તું ધનંજય ॥ ૯ ॥

અભ્યાસેપ્યસમર્થોસિ મત્કર્મપરમો ભવ ।
મદર્થમપિ કર્માણિ કુર્વન્ સિદ્ધિમવાપ્સ્યસિ ॥ ૧૦ ॥

અથૈતદપ્યશક્તોસિ કર્તું મદ્યોગમાશ્રિતઃ ।
સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્ ॥ ૧૧ ॥

શ્રેયો હિ જ્ઞાનમભ્યાસાત્ જ્ઞાનાત્ ધ્યાનં વિશિષ્યતે ।
ધ્યાનાત્ કર્મફલત્યાગસ્ત્યાગાચ્છાન્તિરનન્તરમ્ ॥ ૧૨ ॥

અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ ।
નિર્મમો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી ॥ ૧૩ ॥

સંતુષ્ટઃ સતતં યોગી યતાત્મા દઢનિશ્ચયઃ ।
મય્યર્પિતમનોબુદ્ધિઃ યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ॥ ૧૪ ॥

યસ્માન્નોદ્વિજતે લોકો લોકાન્નોદ્વિજતે ચ યઃ ।
હર્ષામર્ષભયોદ્વેગૈર્મુક્તઃ યઃ સ ચ મે પ્રિયઃ ॥ ૧૫ ॥

અનપેક્ષઃ શુચિર્દક્ષઃ ઉદાસીનો ગતવ્યથઃ ।
સર્વારમ્ભપરિત્યાગી યો મદ્‌ભક્તઃ સ મે પ્રિયઃ ॥ ૧૬ ॥

યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંક્ષતિ ।
શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્યઃ સ મે પ્રિયઃ ॥ ૧૭ ॥

સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ ।
શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સંગવિવર્જિતઃ ॥ ૧૮ ॥

તુલ્યનિન્દાસ્તુતિર્મૌની સંતુષ્ટો યેન કેનચિત્ ।
અનિકેતઃ સ્થિરમતિઃ ભક્તિમાન્ મે પ્રિયો નરઃ ॥ ૧૯ ॥

યે તુ ધર્મ્યામૃતમિદં યથોક્તં પર્યુપાસતે ।
શ્રદ્દધાના મત્પરમા ભક્તાસ્તેતીવ મે પ્રિયાઃ ॥ ૨૦ ॥

ઈતિ શ્રીમદ્ ભગવદ્ ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ભક્તિયોગો નામ દ્વાદશોધ્યાયઃ ॥ ૧૨ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

અથ દ્વાદશોધ્યાયઃ

(ગીતાનો બારમો અધ્યાય)

(ભક્તિયોગ)

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

એવં સતતયુક્તા યે ભક્તાસ્ત્વાં પર્યુપાસતે ।
યે ચાપ્યક્ષરમવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ ॥ ૧ ॥

અન્વય	અર્થ
એવમ્	આ પ્રમાણે (અગિયારમાં અધ્યાયના અંતમાં જણાવ્યા પ્રમાણે)
સતતયુક્તાઃ	એક ક્ષણ પણ બીજા કાર્યોમાં ગુમાવ્યા વિના રાત-દિવસ તમારી ભક્તિમાં જ લાગી રહેનારા
યે	લાખોમાં એક અતિ દુર્લભ એવા જે
ભક્તાઃ	તમારા ભક્તો
ત્વામ્	તમને (એટલે કે મારી આંખો સામે દેખાઇ રહેલા પરબ્રહ્મ શ્રીકૃષ્ણને)
પર્યુપાસતે	સર્વ રીતે, મન-બુદ્ધિ સહિત પોતાની સર્વ ઈન્દ્રિયોથી એક માત્ર તમને જ ભજે છે - સેવા કરે છે.
ચ	અને
યે	જે
અપિ	પણ બીજા લોકો
અવ્યક્તમ્	જેનો કોઈ એક આકાર નથી અને જે સર્વત્ર વ્યાપક છે તેવા (તમારા)
અક્ષરમ્	જડ-ચેતન સર્વત્ર વ્યાપક-અક્ષર રૂપને (ભજે છે)
તેષામ્	તે બધામાં (બન્નેમાં)
કે	કોણ
યોગવિત્તમાઃ ?	આપના સ્વરૂપનો અનુભવ કરનારાઓમાં શ્રેષ્ઠ છે ?

ભાવાર્થ – આ પ્રમાણે (અગિયારમાં અધ્યાયના અંતમાં જણાવ્યા પ્રમાણે) એક ક્ષણ પણ બીજા કાર્યોમાં ગુમાવ્યા વિના રાત-દિવસ તમારી ભક્તિમાં જ લાગી રહેનારા લાખોમાં એક અતિ દુર્લભ એવા જે તમારા ભક્તો તમને, (એટલે કે મારી આંખો સામે દેખાઇ રહેલા પરબ્રહ્મ શ્રીકૃષ્ણને) સર્વ રીતે, મન-બુદ્ધિ સહિત પોતાની ઈન્દ્રિયો વડે એક માત્ર તમને જ ભજે છે-સેવા કરે છે, અને જે પણ બીજા લોકો જેનો કોઇ આકાર નથી તેવા (તમારા) જડ-ચેતન સર્વત્ર વ્યાપક અક્ષર રૂપને (ભજે છે) તે બધામાં (બન્નેમાં) કોણ આપના સ્વરૂપનો અનુભવ કરનારાઓમાં શ્રેષ્ઠ છે ? ॥ ૧ ॥

શ્રીભગવાન ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ।
શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ॥ ૨ ॥

અન્વય	અર્થ
મયિ	મારામાં (શ્રીકૃષ્ણમાં)
મનઃ	મનને
આવેશ્ય	આવેશ કરાવીને
નિત્યયુક્તાઃ	સદા મારી સેવામાં જ જોડાઇ રહેનારા (એવા)

યે	જે (મારા ભક્તો)
મામ્	મારી
ઉપાસતે	ઉપાસના-આરાધના કરે છે (અને વળી જે લોકો)
પરયા	પ્રેમ જ જેનું લક્ષણ છે તેવી પ્રેમલક્ષણા
શ્રદ્ધયા	શ્રદ્ધા વડે
ઉપેતાઃ	યુક્ત છે
તે	તેવા લોકો
યુક્તતમાઃ	મારામાં યોગ કરીને રહેલાઓમાં સર્વથી ઉત્તમ છે (એમ)
મે	મને
મતાઃ	સમ્મત છે.

ભાવાર્થ – મારામાં (શ્રીકૃષ્ણમાં) મનને આવેશ કરાવીને સદા મારી સેવામાં જ જોડાઈ રહેનારા (એવા) જે (મારા ભક્તો) મારી ઉપાસના-આરાધના કરે છે (અને વળી જે લોકો) પ્રેમ જ જેનું લક્ષણ છે તેવી પ્રેમલક્ષણા શ્રદ્ધા વડે યુક્ત છે તેવા લોકો મારામાં યોગ કરીને રહેલાઓમાં સર્વથી ઉત્તમ છે (એમ) મને સમ્મત છે ।। ૨ ।।

યે ત્વક્ષરમનિર્દેશ્યમવ્યક્તં પર્યુપાસતે ।
સર્વત્રગમચિન્ત્યં ચ કૂટસ્થમચલં ધ્રુવમ્ ।। ૩ ।।
સન્નિયમ્યેન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ ।
તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ।। ૪ ।।

અન્વય	અર્થ
તુ	પરંતુ
યે	જે લોકો (મારા)
અવ્યક્તમ્	નામ-રૂપ વિનાના અપ્રકટ (અને)
અનિર્દેશ્યમ્	જેને શબ્દ દ્વારા યા આંગળી દ્વારા આ એમ નિર્દેશ કરી જણાવી ન શકાય (તેવા)
ચ	અને
સર્વત્ર	સર્વત્ર વ્યાપક-સર્વત્ર વિદ્યમાન (તથા)
અચિન્ત્યમ્	જેનું ચિન્તન કરવું શક્ય નથી (તેમજ)
કૂટસ્થમ્	જડ-ચેતન, સાધારણ-અસાધારણ સર્વના સમૂહરૂપ,
અચલમ્	જે ચલાયમાન નથી (તેમજ)
ધ્રુવમ્	જે નિત્ય છે (તેવા)
અક્ષરમ્	અક્ષર રૂપને
ઈન્દ્રિયગ્રામમ્	(પોતાની) દશ ઈન્દ્રિયો અને અગિયારમું મન એમ અગિયાર ઈન્દ્રિયોને
સંનિયમ્ય	સારી રીતે વશમાં કરીને
સર્વત્ર	(સુખ-દુઃખ, ઠંડું-ગરમ, નાના-મોટા, સ્વર્ગ-નરક વગેરે) બધામાં
સમબુદ્ધયઃ	સમાન બુદ્ધિવાળા
સર્વભૂત-હિતેરતાઃ	(આવા લોકો જ્યારે) પ્રત્યેક પ્રાણીમાત્રનું હિત કરવામાં પરાયણ બની રહી
પર્યુપાસતે	ધ્યાન કરે છે
તે	ત્યારે તેવા લોકો પણ
મામ્	મને (એટલે કે ઉપર જણાવેલ જે મારું અક્ષર રૂપ છે તેને)
એવ	જ

પ્રાપ્નુવન્તિ	પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ – પરંતુ જે લોકો (મારા) નામ-રૂપ વિનાના અપ્રકટ (અને) જેને શબ્દ દ્વારા યા આંગળી દ્વારા આ એમ નિર્દેશ કરી જણાવી ન શકાય (તેવા) (અને) સર્વત્ર વ્યાપક - સર્વત્ર વિદ્યમાન (તથા) જેનું ચિન્તન કરવું શક્ય નથી (તેમજ) જડ-ચેતન, સાધારણ-અસાધારણ સર્વના સમૂહરૂપ, જે ચલાયમાન નથી (તેમજ) જે નિત્ય છે (તેવા) અક્ષર રૂપને (પોતાની) દશ ઈન્દ્રિયો અને અગિયારમું મન એમ અગિયાર ઈન્દ્રિયોને સારી રીતે વશમાં કરીને(સુખ-દુઃખ, રાજા-રંક, નાના-મોટા, સ્વર્ગ-નરક વગેરે) બધામાં સમાન બુદ્ધિવાળા (આવા લોકો જ્યારે) પ્રત્યેક પ્રાણીમાત્રનું હિત કરવામાં પરાયણ બની રહી ધ્યાન કરે છે ત્યારે તેવા લોકો પણ મને (એટલે કે ઉપર જણાવેલ જે મારું અક્ષર રૂપ છે તેને) જ પ્રાપ્ત થાય છે ।। ૩-૪ ।।

ક્લેશોધિકતરસ્તેષામવ્યક્તાસક્તચેતસામ્ ।
અવ્યક્તા હિ ગતિર્દુઃખં દેહવદ્ભિરવાપ્યતે ।। ૫ ।।

અન્વય	અર્થ
તેષામ્	તેવાઓને
અવ્યક્તાસક્ત-ચેતસામ્	મારા અપ્રકટરૂપમાં ચિત્તની આસક્તિવાળાઓને (સાધન-અભ્યાસ વખતે પણ)
ક્લેશઃ	ક્લેશ
અધિકતરઃ	અધિકથી પણ અધિક (થાય છે, તેમજ)
અવ્યક્તા	અપ્રકટરૂપને પામવાવાળી
ગતિઃ	ગતિ (સાધન-અભ્યાસનું ફલ યા પરિણામ પણ)
હિ	નિશ્ચય કરીને (નક્કી જ)
દેહવદ્ભિઃ	શરીર ધારણ કરેલાઓ વડે
દુઃખમ્	દુઃખપૂર્વક
અવાપ્યતે	પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ – (પણ) તેવાઓને (એટલે કે) મારા અપ્રકટરૂપમાં ચિત્તની આસક્તિવાળાઓને (સાધન અભ્યાસ વખતે પણ) અધિકથી અધિક ક્લેશ થાય છે, તેમજ શરીર ધારણ કરેલા એવા લોકો વડે અપ્રકટરૂપને પામવાવાળી ગતિ (સાધન-અભ્યાસનું ફલ યા પરિણામ પણઃ નિશ્ચય કરીને - નક્કી જ દુઃખપૂર્વક પ્રાપ્ત થાય છે ।। ૫ ।।

યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ ।
અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે ।। ૬ ।।

અન્વય	અર્થ
તુ	પરંતુ
યે	જે
મત્પરાઃ	મારામાં પરાયણ થઈને રહેનારા લોકો છે તેઓ
સર્વાણિ	સર્વ (લૌકિક-વૈદિક)
કર્માણિ	કર્મો
મયિ	મારામાં (મારા નિમિત્તે)
સંન્યસ્ય	ત્યાગ કરીને
અનન્યેન	મારાથી ઈતર અન્ય કોઈનું પણ ભજન નહિં કરતાં (મારાથી ઈતર સર્વમાં નિરપેક્ષતા રાખીને)
એવ	જ
યોગેન	ભક્તિયોગ વડે

મામ્	મારું
ધ્યાયન્તઃ	ધ્યાન કરતાં (સર્વમાં મારું જ ધ્યાન કરતાં)
ઉપાસતે	(મને) ભજે છે.

ભાવાર્થ – પરંતુ જે મારામાં પરાયણ થઈને રહેનારા લોકો છે તેઓ સર્વ (લૌકિક-વૈદિક) કર્મો મારામાં (મારા નિમિત્તે) ત્યાગ કરીને મારાથી ઈતર અન્ય કોઈનું પણ ભજન નહિ કરતાં (મારાથી ઈતર સર્વમાં નિરપેક્ષતા રાખીને) જ ભક્તિયોગ વડે મારું ધ્યાન કરતાં (સર્વમાં મારું જ ધ્યાન કરતાં) (મને) ભજે છે ।। ૬ ।।

તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।
ભવામિ નચિરાત્ પાર્થ મય્યાવેશિતચેતસામ્ ।। ૭ ।।

અન્વય	અર્થ
પાર્થ	હે કુન્તિના પુત્ર અર્જુન !
મયિ	(તેવા) મારામાં
આવેશિતચેતસામ્	ચિત્તનો આવેશ કરાવેલા લોકો છે
તેષામ્	તેમનો
નચિરાત્	વિલંબ કર્યા વિના - શીઘ્રજ
મૃત્યુસંસારસાગરાત્	મૃત્યુરૂપ સંસારસાગરથી
સમુદ્ધર્તા	સારી રીતે ઉદ્ધાર કરનારો
અહમ્	હું
ભવામિ	થાઉં છું.

ભાવાર્થ – હે કુન્તિપુત્ર અર્જુન ! (તેવા) મારામાં ચિત્તનો આવેશ કરાવેલા લોકો છે તેમનો વિલંબ કર્યા વિના-શીઘ્ર જ મૃત્યુરૂપ સંસાર સાગરથી સારી રીતે ઉદ્ધાર કરનારો હું થાઉં છું ।। ૭ ।।

મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।
નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્દ્ધ્વં ન સંશયઃ ।। ૮ ।।

અન્વય	અર્થ
મયિ	(તેથી) મારામાં (મારા પ્રકટરૂપમાં)
એવ	જ
મનઃ	(તું તારા) મનને
આધત્સ્વ	સ્થાપન કર-લગાવ (અને)
મયિ	મારામાં (મારા પ્રકટરૂપમાં)
બુદ્ધિમ્	બુદ્ધિનો
નિવેશય	નિવેશ કરાવ
અત ઊર્ધ્વમ્	(તેમ કરવાથી) બુદ્ધિનો નિવેશ કરાવ્યા પછીથી
મયિ	મારામાં
એવ	જ (મારા સમીપમાં જ)
નિવસિષ્યસિ	તું નિવાસ કરનારો થશે
સંશયઃ	(તેમાં) કોઈ પણ પ્રકારનો સંશય
ન	નથી.

ભાવાર્થ – (તેથી) મારામાં (મારા પ્રકટ રૂપમાં) જ (તું તારા) મનને સ્થાપન કર - લગાવ (અને) મારામાં (મારા પ્રકટરૂપમાં) બુદ્ધિનો નિવેશ કરાવ (તેમ કરવાથી) બુદ્ધિનો નિવેશ કરાવ્યા પછીથી

મારામાં જ (મારા સમીપમાં જ) તૂ નિવાસ કરનારો થશે (તેમાં) કોઈ પણ પ્રકારનો સંશય નથી ॥ ૮ ॥

અથ ચિત્તં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્ ।
અભ્યાસયોગેન તતો મામિચ્છાપ્તું ધનંજય ॥ ૯ ॥

અન્વય	અર્થ
અથ	જો(તૂ)
ચિત્તમ્	ચિત્તને
મયિ	મારામાં
સ્થિરમ્	સ્થિરરૂપમાં
સમાધાતુમ્	સારી રીતે સ્થાપન કરવામાં
ન, શક્તનોષિ	સમર્થ ન બને
તતઃ	(તો પછી) ત્યારે
ધનંજય !	હે અર્જુન !
અભ્યાસયોગેન	(શ્રવણ-સ્મરણ વગેરેના) અભ્યાસયોગ વડે
મામ્	મને
આપ્તુમ્	પ્રાપ્ત કરવાની
ઈચ્છ	ઈચ્છા કર.

ભાવાર્થ – જો (તૂ) ચિત્તને મારામાં સ્થિરરૂપમાં સારી રીતે સ્થાપન કરવામાં સમર્થ ન બને (તો પછી) ત્યારે હે અર્જુન ! (શ્રવણ-સ્મરણ વગેરેના) અભ્યાસયોગ વડે મને પ્રાપ્ત કરવાની ઈચ્છા કર ॥ ૯ ॥

અભ્યાસેપ્યસમર્થોસિ મત્કર્મપરમો ભવ ।

મદર્થમપિ કર્માણિ કુર્વન્ સિદ્ધિમવાપ્સ્યસિ ॥ ૧૦ ॥

અન્વય	અર્થ
અભ્યાસે	(યદિ) અભ્યાસમાં
અપિ	પણ (તૂ)
અસમર્થઃ	અસમર્થ
અસિ	છે (તો)
મત્કર્મપરમઃ	(અન્ય હેતુ નહિ રાખી) માત્ર મારા અર્થે જ (મારી પ્રીતિ અર્થે જ) કર્મો કરવાવાળો
ભવ	તૂ થા,
મદર્થમ્	મારી પ્રીતિ અર્થે
કર્માણિ	કર્મો
કુર્વન્	કરતાં કરતાં
અપિ	પણ
સિદ્ધિમ્	કલ્યાણરૂપ સિદ્ધિને
અવાપ્સ્યસિ	પ્રાપ્ત કરનારો (તૂ) થશે.

ભાવાર્થ – (યદિ) અભ્યાસમાં પણ (તૂ) અસમર્થ છે (તો) (અન્ય હેતુ નહિ રાખી) માત્ર મારા અર્થે જ (મારી પ્રીતિ અર્થે જ) કર્મો કરવાવાળો તૂ થા, મારી પ્રીતિ અર્થે કર્મો કરતાં - કરતાં પણ કલ્યાણરૂપ સિદ્ધિને પ્રાપ્ત કરનારો (તૂ) થશે ॥ ૧૦ ॥

અથૈતદપ્યશક્તોસિ કર્તું મદ્યોગમાશ્રિતઃ ।
સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્ ॥ ૧૧ ॥

અન્વય	અર્થ
અથ	જો
એતત્	આ (મારા અર્થેના કર્મો)
કર્તુમ્	કરવા માટે
અપિ	પણ
અશક્તઃ	(તૂ) અશક્ત
અસિ	છે
તતઃ	તો પછી
મદ્યોગમ્	મારો જેમને યોગ છે (એવા મારા ભક્તનો)
આશ્રિતઃ	આશ્રય કરવાવાળો થઈને,
યતાત્મવાન્	અન્તઃકરણને પોતાના વશમાં રાખવાવાળો થઈને
સર્વકર્મફલ-	નિત્ય (સંધ્યાવંદન જપપાઠ વગેરે) તથા નૈમિત્તિક (યજ્ઞ
ત્યાગમ્	દાન-તપ-શ્રાદ્ધ-વિવાહ-ઉપનયન વગેરે) સર્વ કર્મો કરીને પણ તેના ફલને વિચાર્યા વિના ફલનો ત્યાગ
કુરુ	કર.

ભાવાર્થ – જો આ (મારા અર્થેના કર્મો) કરવા માટે પણ (તૂ) અશક્ત છે, તો પછી મારો જેમને યોગ છે (એવા મારા ભક્તનો) આશ્રય કરવાવાળો થઈને, અંતઃકરણને પોતાના વશમાં રાખવાવાળો થઈને નિત્ય (સંધ્યાવંદન-જપ-પાઠ વગેરે) તથા નૈમિત્તિક (યજ્ઞ-દાન-તપ-શ્રાદ્ધ-તીર્થ યાત્રા-વિવાહ-ઉપનયન વગેરે) સર્વ કર્મો કરીને પણ તેના ફલને વિચાર્યા વિના ફલનો ત્યાગ કર ॥ ૧૧ ॥

શ્રેયો હિજ્ઞાનમભ્યાસાત્જ્ઞાનાત્ધ્યાનં વિશિષ્યતે ।

ધ્યાનાત્ કર્મફલત્યાગસ્ત્યાગાચ્છાન્તિરનન્તરમ્ ॥ ૧૨ ॥

અન્વય	અર્થ
અભ્યાસાત્	(જ્ઞાન વિનાના શ્રવણ-સ્મરણરૂપ) અભ્યાસથી
જ્ઞાનમ્	જ્ઞાનપૂર્વક (કરવું)
શ્રેયઃ	શ્રેષ્ઠ છે,
જ્ઞાનાત્	(કેવળ) જ્ઞાનપૂર્વક કરવા કરતાં
ધ્યાનમ્	ધ્યાન-ભગવાનનું ચિન્તન (અથવા ચિન્તનપૂર્વક તેમ કરવું)
વિશિષ્યતે	શ્રેષ્ઠ છે,
ધ્યાનાત્	કેવળ તે મુજબ ધ્યાન કરવા કરતાં
કર્મફલત્યાગઃ	કર્મ ફલની આશા રાખ્યા વિના ભગવાનના અર્થે કર્મ કરવું (શ્રેષ્ઠ છે).
ત્યાગાત્	ત્યાગથી (તે મુજબ કરવાથી)
અનન્તરમ્	તે પછી (તેથી કરીને)
શાન્તિઃ	(મનમાં દરેક પ્રકારે) શાન્તિ થાય છે.

ભાવાર્થ – (જ્ઞાન વિનાના શ્રવણ-સ્મરણરૂપ) અભ્યાસથી જ્ઞાન (પૂર્વક કરવું) શ્રેષ્ઠ છે, (કેવળ) જ્ઞાનપૂર્વક કરવા કરતાં ધ્યાન-ભગવાનનું ચિન્તન (અથવા ચિન્તન પૂર્વક તેમ કરવું) શ્રેષ્ઠ છે, કેવળ તે મુજબ ધ્યાન કરવા કરતાં કર્મફલની આશા રાખ્યા વિના ભગવાનના અર્થે કર્મ કરવું (શ્રેષ્ઠ છે), ત્યાગથી તે મુજબ કરવાથી તે પછી (તેથી કરીને) (મનમાં દરેક પ્રકારે) શાન્તિ થાય છે ॥ ૧૨ ॥

અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ ।
નિર્મમો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી ॥ ૧૩ ॥

સંતુષ્ટઃ સતતં યોગી યતાત્મા દઢનિશ્ચયઃ ।
મય્યર્પિતમનોબુદ્ધિઃ યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ॥ ૧૪ ॥

અન્વય	અર્થ
સર્વભૂતાનામ્	સર્વપ્રાણિ-માત્રમાં (તેમને ભગવાનની ક્રીડાના પાત્રો જાણીને)
અદ્વેષ્ટા	દ્વેષ નહિં કરનારો (અને)
મૈત્રઃ	સર્વ ભક્તોમાં મિત્રભાવે હિત કરનારો
ચ	અને
કરુણઃ	(જે ભક્ત નથી તેવા) સર્વમાં ઉપદેશ વગેરેથી કરુણા કરનારો
એવ	તથા
નિર્મમઃ	(ઉપદેશ આપ્યા પછી તેમનામાં) મમતા નહિં રાખનારો,
નિરહંકારઃ	પોતાનામાં સર્વ પ્રકારે અહંકાર-અભિમાન વિનાનો,
સમદુઃખસુખઃ	પ્રિયના સંયોગથી થનારા સુખમાં અને અપ્રિયના સંયોગથી થનારા દુઃખમાં બન્નેમાં સમાન ભાવે રહેનારો.
ક્ષમી	પોતાના પ્રત્યે અપરાધ કરનાર પ્રતિ ક્ષમાભાવવાળો,
સતતમ્	નિરન્તર-સદા
સન્તુષ્ટઃ	જે પ્રાપ્ત હોય તેનાથી જ સંતોષ માનનારો,
યોગી	સદૈવ મારું જ ચિન્તન કરનારો,
યતાત્મા	પોતાના અન્તઃકરણને પોતાના વશમાં રાખનારો,
દઢનિશ્ચયઃ	મારી સેવામાં જ દઢ નિશ્ચય કરેલો,
મયિ	મારામાં
અર્પિતમનોબુદ્ધિઃ	અર્પણ કરેલા છે પોતાના મન-બુદ્ધિ જેણે તેવો
યઃ	જે (અતિ દુર્લભ)
મદ્ભક્તઃ	મારો ભક્ત છે
સઃ	તે
મે	મને
પ્રિયઃ	પ્રિય છે.

ભાવાર્થ – સર્વ પ્રાણિ માત્રમાં (તેમને ભગવાનની ક્રીડાના પાત્રો જાણીને) દ્વેષ નહિં કરનારો (અને) સર્વ ભક્તોમાં મિત્રભાવે હિત કરનારો અને (જે ભક્ત નથી તેવા) સર્વમાં ઉપદેશ વગેરેથી કરુણા કરનારો તથા (ઉપદેશ આપ્યા પછી તેમનામાં) મમતા નહિ રાખનારો, પોતાનામાં સર્વ પ્રકારે અહંકાર - અભિમાન વિનાનો, પ્રિય સંયોગથી થનારા સુખમાં અને અપ્રિયના સંયોગથી થનારા દુઃખમાં બંનેમાં સમાનભાવે રહેનારો, પોતાના પ્રત્યે અપરાધ કરનારા પ્રતિ ક્ષમાભાવવાળો, નિરન્તર - સદા જે પ્રાપ્ત હોય તેનાથી જ સંતોષ માનનારો, સદૈવ મારું જ ચિન્તન કરનારો, પોતાના અન્તઃકરણને પોતાના વશમાં રાખનારો, મારી સેવામાં જ દઢ નિશ્ચય કરેલો, મારામાં અર્પણ કરેલા છે પોતાના મન-બુદ્ધિ જેણે તેવો જે (અતિ દુર્લભ) મારો ભક્ત છે, તે મને પ્રિય છે ॥ ૧૩-૧૪ ॥

યસ્માન્નોદ્વિજતે લોકો લોકાન્નોદ્વિજતે ચ યઃ ।
હર્ષામર્ષભયોદ્વેગૈર્મુક્તઃ યઃ સ ચ મે પ્રિયઃ ॥ ૧૫ ॥

અન્વય	અર્થ
યસ્માત્	જેનાથી
લોકઃ	લોકમાં રહેલો કોઇ પણ
ન, ઉદ્વિજતે	ઉદ્વેગને પ્રાપ્ત થતો નથી
ચ	અને
યઃ	જે
લોકાત્	લોકમાં રહેલ કોઈથી પણ
ન, ઉદ્વિજતે	ઉદ્વેગને પ્રાપ્ત થતો નથી
ચ	તેમજ
યઃ	જે
હર્ષ-	હર્ષ
અમર્ષ-	ક્રોધ
ભય-	ભય (અને)
ઉદ્વેગૈઃ	ઉદ્વેગથી
મુક્તઃ	મુક્ત-રહિત છે
સઃ	તેવો ભક્ત
મે	મને
પ્રિયઃ	પ્રિય છે.

ભાવાર્થ – જેનાથી લોકમાં રહેલો કોઇ પણ ઉદ્વેગને પ્રાપ્ત થતો નથીઅને જે લોકમાં રહેલ કોઈથી પણ ઉદ્વેગને પ્રાપ્ત થતો નથી, તેમજ જે હર્ષ, ક્રોધ, ભય (અને) ઉદ્વેગથી મુક્ત-રહિત છે, તેવો ભક્ત મને પ્રિય છે ।। ૧૫ ।।

અનપેક્ષઃ શુચિર્દક્ષઃ ઉદાસીનો ગતવ્યથઃ ।
સર્વારમ્ભપરિત્યાગી યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ।। ૧૬ ।।

અન્વય	અર્થ
અનપેક્ષઃ	(મારી સેવાથી ઈતર મોક્ષ વગેરેની કોઇ પણ પ્રકારની) અપેક્ષા વિનાનો
શુચિઃ	અન્દર-બહાર સર્વ રીતે શુદ્ધ
દક્ષઃ	મારી સેવામાં આળસ વિનાનો અથવા સેવામાં ચતુર
ઉદાસીનઃ	ભગવાનની સેવામાં પ્રતિકૂલ એવા લોકો અને લૌકિક વિષયોમાં ઉદાસીન
ગતવ્યથઃ	દુનિયાની કોઈ પણ બાબતથી મનમાં પીડા વિનાનો
સર્વારંભ-પરિત્યાગી	દૃષ્ટ ફલ અને શ્રુત ફલને કરનારા (દૃષ્ટ ફલ એટલે જે કર્મ કરવાથી સામે ફલ થયેલું જોઇ શકાય અને શ્રુત ફલ એટલે જે કરવાથી થનાર ફલ જોઈ ન શકાય પણ વેદ વડે જાણી શકાય કે આ સ્વર્ગ પ્રાપ્તિ વગેરે ફલ થાય છે) એવા સર્વ કર્મોમાં પ્રયત્ન નહિ કરવાના સ્વભાવવાળો
યઃ	એવો જે
મદ્ભક્તઃ	મારો ભક્ત છે
સઃ	તે
મે	મને
પ્રિયઃ	પ્રિય છે.

ભાવાર્થ – મારી સેવાથી ઈતર મોક્ષ વગેરેની કોઇ પણ પ્રકારની અપેક્ષા વિનાનો, અંદર-બહાર સર્વ રીતે શુદ્ધ, મારી સેવામાં આળસ વિનાનો અથવા સેવામાં ચતુર, ભગવાનની સેવામાં પ્રતિકૂલ એવા

લોકો અને લૌકિક વિષયોમાં ઉદાસીન, દુનિયાની કોઈ પણ બાબતથી મનમાં પીડા વિનાનો, દષ્ટફલ અને શ્રુતફલને કરનારા (દષ્ટફલ એટલે જે કર્મ કરવાથી સામે ફલ થયેલું જોઈ શકાય અને શ્રુતફલ એટલે જે કરવાથી થનાર ફલ જોઈ ન શકાય પણ વેદ વડે જાણી શકાય કે આ સ્વર્ગપ્રાપ્તિ વગેરે ફલ થાય છે) એવા સર્વકર્મોમાં પ્રયત્ન નહિ કરવાના સ્વભાવવાળો એવો જે મારો ભક્ત છે તે મને પ્રિય છે ।। ૧૬ ।।

યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંક્ષતિ ।
શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્યઃ સ મે પ્રિયઃ ।। ૧૭ ।।

અન્વય	અર્થ
યઃ	જે
ન, હૃષ્યતિ	પ્રિય વસ્તુ મળવાથી હર્ષિત થતો નથી
ન, દ્વેષ્ટિ	અપ્રિય વગેરેથી દ્વેષ કરતો નથી,
ન, શોચતિ	સેવા માટેની વસ્તુનો નાશ થતાં પણ જે શોક કરતો નથી (અને)
ન, કાંક્ષતિ	તે માટે તે વસ્તુઓની આકાંક્ષા પણ કરતો નથી (તેની ચિન્તા પણ કરતો નથી),
શુભ-અશુભ-પરિત્યાગી	(તેમજ) આ શુભ કર્મ છે અને આ અશુભ કર્મ છે તેવી બુદ્ધિને ત્યાગેલો
યઃ	એવો જે
ભક્તિમાન્	ભક્તિવાળો પુરુષ છે
સઃ	તે
મે	મને
પ્રિયઃ	પ્રિય છે.

ભાવાર્થ – જે પ્રિય વસ્તુ મળવાથી હર્ષિત થતો નથી (અને) અપ્રિય વગેરેથી દ્વેષ કરતો નથી, સેવા માટેની વસ્તુનો નાશ થતાં પણ જે શોક કરતો નથી (અને) તે માટે તે વસ્તુઓની આકાંક્ષા પણ કરતો નથી (તેની ચિન્તા પણ કરતો નથી), (તેમજ) આ શુભકર્મ છે અને આ અશુભ કર્મ છે તેવી બુદ્ધિને ત્યાગેલો એવો જે ભક્તિવાળો પુરુષ છે તે મને પ્રિય છે ।। ૧૭ ।।

સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ ।
શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સંગવિવર્જિતઃ ।। ૧૮ ।।
તુલ્યનિન્દાસ્તુતિર્મૌની સંતુષ્ટો યેન કેનચિત્ ।
અનિકેતઃ સ્થિરમતિઃ ભક્તિમાન્મે પ્રિયો નરઃ ।। ૧૯ ।।

અન્વય	અર્થ
શત્રૌ	(વળી જે) પોતાનાથી દ્વેષ કરનાર શત્રુમાં (તેમજ)
મિત્રે	પોતાનામાં અનુરાગ-સ્નેહ રાખનાર મિત્રમાં
ચ	અને
માન-અપમાનયોઃ	પોતાને માન મળે કે અપમાન મળે તે બધામાં જ
સમઃ	સમાન બુદ્ધિવાળો છે
તથા	તેમજ
શીતોષ્ણ-સુખદુઃખેષુ	ઠંડુ-ગરમ વગેરે દેહસંબંધી સુખ-દુઃખમાં અને પુત્રનો જન્મ કે મરણ વગેરે માનસિક સુખ-દુઃખમાં
સમઃ	બધામાં જ સમાન બુદ્ધિવાળો છે (અને)
સંગવિ-	લૌકિક-વૈદિકમાં આસક્તિને વિશેષ કરીને છોડી ચુકેલો

વર્જિતઃ	
તુલ્યનિન્દા-સ્તુતિઃ	(તેમજ જે) પોતાની નિન્દા સાંભળી વ્યથિત-દુઃખી થતો નથી અને પોતાના વખાણ સાંભળી હર્ષિત થતો નથી એવો બંનેમાં એક સમાન મનવાળો,
મૌની	વાણીને પોતાના વશમાં રાખનારો,
યેનકેનચિત્	ભગવાનની ઈચ્છાથી જે કંઈ પણ મળી રહે તેમાં જ
સંતુષ્ટઃ	સંતોષ રાખનારો,
અનિકેતઃ	ઘર ગૃહસ્થી વગેરેમાં આસક્તિ વિનાનો અથવા સારી રીતે ભગવદ્ ભજનને અર્થે ભગવન્મંદિર યા ભગવદીયોના ઘરે રહી ભજન કરનારો,
સ્થિરમતિઃ	મારામાં (કૃષ્ણમાં) સ્થિર બુદ્ધિવાળો
યઃ	એવો જે
ભક્તિમાન્	ભક્તિવાળો
નરઃ	પુરુષ છે (તે)
મે	મને
પ્રિયઃ	પ્રિય છે.

ભાવાર્થ – (વળી જે) પોતાનાથી દ્વેષ કરનાર શત્રુમાં (તેમજ) પોતાનામાં અનુરાગ-સ્નેહ રાખનાર મિત્રમાં અને પોતાને માન મળે કે અપમાન મળે તે બધામાં જ સમાન બુદ્ધિવાળો છે, તેમજ (જે) ઠંડું-ગરમ વગેરે દેહ સંબંધી સુખ-દુઃખમાં અને પુત્રનો જન્મ કે મરણ વગેરે માનસિક સુખ-દુઃખમાં બધામાં જ સમાન બુદ્ધિવાળો છે (અને) લૌકિક-વૈદિકમાં આસક્તિને વિશેષ કરીને છોડી ચુકેલો ॥ ૧૮ ॥ (તેમજ જે) પોતાની નિન્દા સાંભળી વ્યથિત-દુઃખી થતો નથી અને પોતાના વખાણ સાંભળી હર્ષિત થતો નથી એવો બંનેમાં એક સમાન મનવાળો, વાણીને પોતાના વશમાં રાખનારો, ભગવાનની ઈચ્છાથી જે કંઈ પણ મળી રહે તેમાં જ સંતોષ રાખનારો, ઘર-ગૃહસ્થી વગેરેમાં આસક્તિ વિનાનો અથવા સારી રીતે ભગવદ્ ભજનને અર્થે ભગવન્મંદિર યા ભગવદીયોના ઘરે રહી ભજન કરનારો, મારામાં (કૃષ્ણમાં) સ્થિરબુદ્ધિવાળો એવો જે ભક્તિવાળો પુરુષ છે (તે) મને પ્રિય છે ॥ ૧૯ ॥

યે તુ ધર્મ્યામૃતમિદં યથોક્તં પર્યુપાસતે ।
શ્રદ્દધાના મત્પરમા ભક્તાસ્તેતીવ મે પ્રિયાઃ ॥ ૨૦ ॥

(આ પહેલાં શ્લોક ૧૩ થી ૧૯ સુધીમાં જણાવેલા જુદા-જુદા બધા જ લક્ષણોને ભેગા કરી હવે છેલ્લે કહે છે કે -)

અન્વય	અર્થ
યે તુ	(બ્રાહ્મણ-ક્ષત્રિય વગેરે અને ગૃહસ્થ-સંન્યાસી વગેરે તથા સ્ત્રી-પુરુષ વગેરે ભેદો વિના) જે કોઈ પણ
શ્રદ્ધાનાઃ	મેં જે કંઈ પણ કહ્યું છે તે જ બરાબર છે - સત્ય છે તેમ શ્રદ્ધાવાળા-જાણવાવાળા થઈને (અને)
મત્પરમાઃ	એક માત્ર મારામાં જ નિષ્ઠાવાળા થઈને
ઈદમ્	આ
ધર્મ્ય-	ધર્મ (એટલે ભગવાન) તેના સંબંધી, અથવા ધર્મ (એટલે ભગવાનનું ભજન-સેવા) તેનાથી યુક્ત
અમૃતમ્	ક્યારેય ક્ષીણ નહિ થનાર-ક્યારેય નહિ ઘટનાર એવા અમૃતસ્વરૂપ
યથોક્તમ્	પૂર્વમાં (આ શ્લોક પહેલાં આ અધ્યાયમાં) કહેવાયેલ

	ભક્તિયોગ વડે (આ અધ્યાયમાં જે મુજબ કહેવાયું છે તે મુજબ)
પર્યુપાસતે	મારું સેવન-ભજન કરે છે
તે	તેવા
ભક્તાઃ	ભક્તો
મે	મને
અતીવ	અત્યન્ત-ખૂબ જ
પ્રિયાઃ	પ્રિય (હોય) છે.

ભાવાર્થ – (બ્રાહ્મણ-ક્ષત્રિય વગેરે અને ગૃહસ્થ-સંન્યાસી વગેરે તથા સ્ત્રી-પુરુષ વગેરે ભેદો વિના) જે કોઈ પણ મેં જે કંઈ પણ કહ્યું છે તે જ બરાબર છે - સત્ય છે તેમ શ્રદ્ધાવાળા -જાણવાવાળા થઈને આ ધર્મ (એટલે ભગવાન) તેના સંબંધી, અથવા ધર્મ (એટલે ભગવાનનું ભજન-સેવા) તેનાથી યુક્ત, ક્યારેય ક્ષીણ નહિ થનાર-ક્યારેય નહિ ઘટનાર એવા અમૃત સ્વરૂપ પૂર્વમાં (આ શ્લોક પહેલાં - આ અધ્યાયમાં) કહેવાયેલ ભક્તિયોગ વડે (આ અધ્યાયમાં જે મુજબ કહેવાયું છે તે મુજબ) મારું સેવન-ભજન કરે છે, તેવા ભક્તો મને અત્યન્ત - ખૂબ જ પ્રિય (હોય) છે ।। ૨૦ ।।

ઈતિ શ્રીમદ્ ભગવદ્ ગીતાસુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ભક્તિયોગો નામ દ્વાદશોદ્યાયઃ ।। ૧૨ ।।